For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

શાળા સંચાલક મંડળની મ્યુનિસિપલ કમિશનરને સમય આપવા માંગણી

# ફાયર સેફ્ટીની NOC મુદ્દે શૈક્ષણિક સંકુલોને સીલ, સંચાલકો અવઢવમાં



**10-15** દિવસનો સમય આપે તો ડોક્યુમેન્ટસ અમે પૂરા પાડી શકીએ, બાકી તાત્કાલિક શક્ય નથી. : આર.સી.પટેલ

(પ્રતિનિધી) વડોદરા તા.10

સમગ્ર રાજ્ય સહિત વડોદરામાં પણ હવે ઉનાળુ વેકેશન પૂરું થવા આવ્યું છે આગામી સમયમાં સ્કૂલો ખુલશે, તે પૂર્વે રાજકોટ અગ્નિકાંડની ઘટના બાદ પાલિકા અને ફાયર વિભાગ દ્વારા ફાયર સેફટી અને બીયુ પરમિશન મુદ્દે સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં શૈક્ષણિક સંકુલોનો પણ સમાવેશ થાય છે. ત્યારે વડોદરા મહાનગર પાલિકાની વડી કચેરી ખાતે શહેર શાળા સંચાલક મંડળ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.

રાજકોટ અગ્નિકાંડ બાદ રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ દ્વારા તમામ ગતિવિધિઓ તેજ કરીને ફાયર સેફ્ટીના અભાવે વિવિધ યુનીટોને તેમજ શૈક્ષણિક સંકુલોને પણ સેલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી શહેરમાં પણ પાલિકા તંત્ર દ્વારા કેટલીક શાળાઓને સીલ કરવામાં આવી છે. આગામી સમયમાં હવે શાળાઓ ખુલવાની છે. ત્યારે પાલિકાની સીલ કરવાની કામગીરીને લઈને શહેર શાળા સંચાલક મંડળ દ્વારા પાલિકાની વડી કચેરી ખાતે મ્યુનિ.કમિ.દિલીપ રાણાને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરાઇ હતી. જ્યાં શહેર શાળા સંચાલક મંડળે મ્યુનિ.કમિશનરને રજૂઆત કરી ફાયર એનઓસી તેમજ સર્ટિફિકેટ માટે તેઓને સમય આપે તેવી માંગણી પણ કરી હતી. આ અંગે માહિતી આપતા શહેર શાળા સંચાલક મંડળના પ્રમુખ આર.સી. પટેલે જણાવ્યું હતું કે, કોર્પોરેશનના અધિકારીઓ, ફાયર વિભાગના અધિકારીઓ, એમજીવીસીએલના અધિકારીઓ દ્વારા જે બિનજરૂરી ડોક્યુમેન્ટ માંગી રહ્યા છે. તેના બદલે માત્ર જરૂરી ડોક્યુમેન્ટ માંગવા જોઈએ. અને તાત્કાલિક ન માંગો, અમને સમય મર્યાદા આપો. અમે જરૂરી સમય મર્યાદામાં ડોક્યુમેન્ટ આપવા માટે અમારી રજૂઆત છે. કચ્છમાં ધરતીકંપ થયા પછી આ બીયુ સર્ટિફિકેટ આપવાની શરૂઆત થઈ હતી. હવે એ પહેલાની જે શાળાઓ છે એની પાસે સર્ટિફિકેટ ક્યાંથી હોય, એટલે અમારી માંગ એવી છે કે, શાળાઓ પાસે બીયુ છે નહીં તો બીયુ કેવી રીતે મેળવવું, એનો પ્રોસિજર આપો, સમય આપો તો બીયુ લઈએ અને જો બીયુ આપવાનું થતું ન હોય તો અમે જે સ્ટેબિલિટી સર્ટિફિકેટ કોર્પોરેશન માન્ય આપીએ, એ માન્ય રાખો આ અમારી મુખ્ય માંગણી છે. અને ફાયર એનઓસીમાં એવું છે કે, સરકારના જાહેરનામા પછી જેણે જેણે ફાયરની એનોસી લીધી છે. એમાં પ્રથમ વર્ષ માટે ત્રણ વર્ષ અને રિન્યુઅલ માટે બે વર્ષની છે એને માન્ય રાખવી જોઈએ બીજું કે તાત્કાલિક ન માંગો સમય મર્યાદા આપો દસ કે પંદર દિવસનો તો આ બધા ડોક્યુમેન્ટસ અમે પૂરા પાડી શકીએ બાકી તાત્કાલિક શક્ય નથી.

## બીયુ અને ફાયર સેફ્ટી માટે મદદ કરવા તૈયાર



જ્યારે પણ બિલ્ડીંગ શીલ કરીએ છીએ એટલે બીયુ અને ફાયર સિસ્ટમ હોતી નથી. એટલે આ દિશામાં તેમણે બીયુ તો લેવું જ જોઈએ. ફાયરનું એ લોકો એફિડેવિટ આપી ફાયર સિસ્ટમ વસાવાની કાર્યવાહી ચાલુ કરે અને અઠવાડિયા દસ દિવસમાં એમને લાગે એ કામની જવાબદારી સાથે અમે ખોલવાની મંજૂરી આપીશું. આજે શાળા સંચાલક મંડળ અને પ્રિ સ્કૂલ વાળા પણ રજૂઆત લઈને આવ્યા હતા. એમણે જે અમારી પાસે મદદ માગી છે એ એમને આપવા અમે લોકો તૈયાર છીએ. અમે એમને બીયુ અને ફાયર સેફ્ટી એનઓસી લેવામાં મદદ કરીશું. પ્રતિનિધિ સાથે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લાવીશું - **દિલીપ રાણા, મ્યુનિસિપલ કમિશનર**

## પ્રિસ્કૂલના સંચાલકોની મ્યુ.કમિશ્નરને રજૂઆત



વડોદરા શહેરમાં રહેણાક વિસ્તારોમાં ધમધમતી પ્રીસ્કૂલ સામે પાલિકા દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી અને આ સ્કૂલોને સીલ મારવામાં આવી હતી. એક તો રહેણક વિસ્તારોમાં પ્લે સેન્ટરો ધમધમે છે અને તેમાં પણ બાળકોની સુરક્ષા સુનિશ્ચિત નથી. ત્યારે ફાયર સેફ્ટીનો અભાવ પણ છે, તો ક્યાંક અનુકૂલિત વાતાવરણ નથી. એક તરફ શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ રહી છે. તો બીજી તરફ પાલિકાની આ કાર્યવાહી થઈ છે. ત્યારે ફફડી ઉઠેલા પ્રીસ્કૂલના સંચાલકો પાલિકાની વડી કચેરી ખાતે પહોંચ્યા હતા અને મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી હતી. સંચાલકોએ મ્યુનિસિપલ કમિશનરને વિનંતી કરી હતી પરંતુ કમિશનર તરફથી જ્યાં સુધી રહેણાંકમાંથી કોમર્શિયલ પરિવર્તિત નથી થતું અને બાળકોની સુરક્ષા સુનિશ્ચિત ન થાય ત્યાં સુધી કોઈ પણ પ્રી સ્કૂલ સંચાલકોને અનુમતિ આપવામાં આવશે નહીં. મહત્વની બાબતે છે કે, પાલિકા તંત્ર જ્યારે ક્યારેય વાહી કરે છે. ત્યારે એકાએક સંચાલકોને નિયમોની યાદ આવે છે. પાલિકાની કાર્યવાહી અને પ્લે સેન્ટરના સંચાલકોની દોડધામ દર્શાવી રહી છે કે, અત્યાર સુધી બાળકો અસુરક્ષિત સ્થિતિમાં અભ્યાસ કરી રહ્યા હતા

## ક્લાસીસના સીલ ખોલી આપવાની માંગ




એક તરફ રાજ્યભરમાં શાળાઓમાં નવું શૈક્ષણિક ક્ષેત્ર શરૂ થવા જઈ રહ્યું છે. તો બીજી તરફ કોલેજોમાં હાલ પરીક્ષા પ્રક્રિયા ચાલી રહી છે. રાજકોટ અગ્નિકાંડ બાદ સફાળા જાગી ઉઠેલા તંત્રએ આડેધડ કાર્યવાહી કરી છે. જેમાં અનેક ટ્યુશન ક્લાસીસ અને શૈક્ષણિક સંકુલોને સીલ માર્યા છે. આવા એકમોને સીલ કરવામાં આવતા ટ્યુશન ક્લાસમાં જતા વિદ્યાર્થીઓ પણ મૂંઝવણમાં મુકાયા છે. કારણ કે કોલેજની પરીક્ષાની તારીખો નજીક છે. ત્યારે થોડીક છૂટછાટ સાથે બાહેધરી કરાર દ્વારા આ ક્લાસીસના સીલ ખોલી આપવાની માંગ સાથે વડોદરા એકેડમીક એસોસિએશનના સભ્યો દિલીપસિંહ ગોહિલની આગેવાનીમાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને આરએસીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી. આ સિવાય તેઓએ વડોદરા મહાનગર પાલિકાની વડી કચેરી ખાતે પણ મ્યુનિ.કમિ.ને રજૂઆત કરી હતી.

સમા વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટના, જ્યારે બાદ દંપતિ રાત્રિના સમયે ચાલવા નીકળ્યું હતું

# ઓવર સ્પીડમાં કાર દોડી આવી, રસ્તે ચાલતુ દંપતી ફંગોળાયું,પત્નિનું મોત



પલટી ખાઇ ગયેલી કારી



દપંતિ



આરોપી

**એમ્પાયર** હોસ્પિટલની દિવાલ તોડી કોમ્પાઉન્ડમાં કાર પલટી ખાઈ ગઇ, ચાલકને ગણતરીના કલાકોમાં દબોચી લેવાયો

(પ્રતિનિધી) વડોદરા તા. 10

શહેરના સમા વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટના બનવા પામી છે. વાલ્મિકીનગરમાં રહેતું બિલ્ડર પત્ની સાથે ચાલવા માટે નીકળ્યું હતું ચાલકે 100થી વધુની સ્પીડે કારે દોડાવી દંપતીને અડફેટે બંને હવામાં ફંગોળાયા હતા. જેમાં પત્નીનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું જ્યારે બિલ્ડર પતિને ગંભીર ઈજાઓ સાથે અમદાવાદની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે.

પોલીસે કાર ચાલકને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરમાં પૂરઝડપે વાહનો દોડાવતા હોય વારંવાર હિટ એન્ડ રનની ઘટના બનતી રહેતી હોય છે. ત્યારે સમા વિસ્તારમાં ગઈકાલે રાત્રિના સમયે હિટ એન્ડ રનની ઘટના બનવા પામી છે. જેમાં એવી વિગત છે કે સમા વિસ્તારમાં આવેલા વાલ્મીકી નગરમાં રહેતું બિલ્ડર વિપુલભાઈ પ્રજાપતિ અને તેમના પત્ની શિલ્પાબેન પ્રજાપતિ જમ્યા બાદ રાત્રીના સમયે ચાલવા માટે નીકળ્યા હતા તે દરમિયાન છાણી કેનાલ રોડ પર 100થી વધુની સ્પીડમાં સ્કોર્પિયો કારના ચાલકે દોડાવી દંપતીને અડફેટે લેતા બંને હવામાં ફંગોળાયા હતા. જેમાં શિલ્પાબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હોવાથી એસએસજી હોસ્પિટલમાં લઈ જતા ફરજ પર હાજર તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. જ્યારે વિપુલભાઈને પણ ગંભીર ઈજાઓ પહોંચી હોય રીધમ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. કાર એટલી પુર ઝડપે હતી કે તેના રોડ પર આવેલા એમ્પાયર હોસ્પિટલની દિવાલ પણ તોડીને કમ્પાઉન્ડમાં ઘૂસી ગયા બાદ પલટી ખાઈ ગઈ હતી. જોકે ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. અકસ્માત અંગે જાણ થતા સમા પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી ચાલક વિરોધ હિટ એન્ડ રનનો ગુનો દાખલ કરીને ડ્રાઈવરે ધ્રુવ કનોજીને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## 23 વર્ષીય ધ્રુવ કનોજીયા પાસે લાઇસન્સ પણ નથી

સમા વિસ્તારમાં શક્તિમાં નગરમાં રહેતા 23 વર્ષીય ધ્રુવ કનોજીયાના પિતા પ્રેસ લોન્ડ્રીની કામ કરે છે અને તે તેમન મદદ કરે છે. જીજાજી તેમના ઘરે સ્કોર્પિયો કાર મુકી ગયા હતા.દરમિયાન ગઇ કાલે 9 જૂનના રોજ ધ્રુવ કનોજીયાને કાર નહી આવડતી હોવા છતાં કારને લઇને આટો મારવા માટે નીકળી પડ્યો હતો અને 100થી વધુની સ્પીડમાં કાર દોડાવી હતી પરંતુ સ્ટીયરિંગ કંટ્રોલ નહી થતા પહેલા એક રિક્ષા અને દંપતીને અડફેટમાં લીધું હતું ત્યારબાદ એમ્પાયર હોસ્પિટલના વોલની દિવાલ તોડી પલટી ખાઇ ગઇ હતી. કાર આવતી નથી અને ધ્રુવ કનોજીયા પાસે લાઇસન્સ પણ નથી.

# તરસાલીમાં પેટ્રોલને બદલે પાણી ભરી આપ્યું

**પેટ્રોલના** રૂપિયા લઈ પેટ્રોલ પંપ દ્વારા પાણી મિશ્રિત પેટ્રોલ આપતા હોબાળો

( પ્રતિનિધિ ) વડોદરા તા.10

શહેરમાં ગત રાત્રિ ના વરસાદ પડ્યો હતો. અનેક જગ્યાએ પાણી ભરાતા લોકો અટવાયા હતા. પરંતુ વડોદરા શહેરના તરસાલી વિસ્તારના એસ્સાર પેટ્રોલ પંપ પર કઈક અલગ જ જોવા મળ્યું હતું. વરસાદ પડે અને પાણી ભરાય એ વાત તો સમજાય છે. પણ વરસાદના કારણે પેટ્રોલ પંપની અંડર ગ્રાઉન્ડ ટાંકીમાં પાણી ભરાય એ શક્ય નથી. વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલા એસ્સાર પેટ્રોલ પંપ પર પેટ્રોલ પુરાવવા પહોંચેલા ગ્રાહકોની ગાડીમાં પેટ્રોલના બદલે પાણી પૂરી આપવામાં આવ્યું હતુ. પેટ્રોલના રૂપિયા લઈ પાણી મિશ્રિત પેટ્રોલ આપતા હોબાળો થયો હતો. લગભગ ત્રણસો થી વધારે બે પહિયા અને રિક્ષાઓ ને પાણી મિશ્રિત પેટ્રોલ પુરાવવા થી ગાડીઓ ને નુકશાન થયું હોવાની ફરિયાદ કરવામાં આવી હતી. વડોદરા તરસાલી એસ્સાર પેટ્રોલ પંપ પર પાણી મિશ્રિત પેટ્રોલ નું વેચાણ કરતા ગ્રાહકો એ પેટ્રોલ પંપ ના કર્મચારીઓ સાથે બોલાચાલી થઈ હતી ત્યારે પોલીસ પણ ત્યાં આવી હતી અને જે ગાડીઓ માં પેટ્રોલ પુર્યું હતું તે પ્લાસ્ટિક ની બોટલ અને ડોલ માં કાઢતા પાણી મિશ્રિત પેટ્રોલ જણાયું હતું. પોલીસે પેટ્રોલ પંપના કર્મચારીઓને પંપના માલિક વિશે પૂછતા માલીક હાજર ના હોવાની વાત કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



ક્રાઈમ બ્રાન્ચે મદારીને સનફાર્મા રોડ પર દબોચ્યો, પુત્ર અને સાળાને વોટન્ડે જાહેર કર્યા

# નાગાબાવાનો વેશ ધારણ કરી વેપારીને 13 હજારનો ચુનો ચોપડનાર ઝડપાયો

**આરોપીને** આગળની કાર્યવાહી માટે વાડી પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.10

સોમાતળાવ વિસ્તારમાં વેપારી પાસે નાગાબાવાના વેશ ધારણ કરીને આવેલા મદારીએ મોઢામાં રૂ. 13 હજાર મુકીને ખાઇ જવાનું કહ્યું હતું ત્યારબાદ વેપારીની નજર ચૂકવી મદારી રૂપિયા લઈને રફુચક્કર થઇ ગયો હતો. ક્રાઈમ બ્રાન્ચની ચીમે મદારીને સન ફાર્મા રોડ ઉપર ખુલ્લા મેદાનમાં રિક્ષામાંથી ઝડપીને વાડી પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરાયો છે.

શહેરના સોમાતળાવ વિસ્તારમાંથી આવેલા પિક્સ એન્ડ આર્ટની દુકાનના વેપારી પાસે નાગાબાવાનો વેશ ધારણ કરીને એક મદારી આવ્યો હતો. તમારા ગલ્લામાં જેટલા રૂપિયા હોય તે હું ખાઈ જાવ તેમ કહ્યું હતું. ત્યારે વેપારીએ ડ્રોઅરમાથી 13 હજાર બાવાને આપ્યા હતા. ત્યારે મદારે રૂપિયા ખાઈ જવાને બહાને મોઢામાં મૂક્યા બાદ વેપારીની નજર ચુકવીને રૂપિયા સ્થળ પરથી રિક્ષામાં બેસી ફરાર થઈ ગયો હતો. વાડી પોલીસ સ્ટેશનમાં વેપારીએ ફરિયાદ નોંધાવી હતી. 10 જૂને ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં ફરી રહી હતી ત્યારે સનફાર્મા રોડ સત્સંગ પાર્ટી પ્લોટની પાછળ ખુલ્લા મેદાનમાં પડેલી રીક્ષામાં બેઠેલા શખ્સને ઝડપી પાડ્યો હતો તેનું નામ પૂછ સુરમનાથ ધમાનાથ મદારી હોવાનું જણાવ્યું હતું. તેની પાસેના રોકડા રૂ.10 હજાર ક્યાંથી લાવ્યો તેવું પુછતાછ કરતા ડભોઈ રોડ સોમાતળાવ ક્રોસ રોડ પર આવેલી બેનર પ્રિંટીંગની દુકાનમાં જઈ નાગાબાવાના વેશમાં ભિક્ષા લેવાના બહાને વેપારીને વાતોએ ચડાવી કહ્યું હતું કે તમાર ડ્રોઅરમાં જેટલા રૂપિયા હોય તે માઢા મુકી ખાઈને અદ્રશ્ય કરી નાખવા કહ્યું હતું. મોઢામાં મુકવાના બહાને વેપારીની નજર ચુકવી 13 હજાર સેરવી લીધા હતા. તેમાંથી બચેલા રૂ.10 હજાર છે. જેથી તેની ધરપકડ કરવા સાથે રોકડ રકમ અને રિક્ષા મળી 80 હજારનો મુદ્દામાલ કબજે કરી હતી. જ્યારે તેના પુત્ર અને સાળાને વોન્ટેડ જાહેર કર્યા છે. આરોપીને આગળની કાર્યવાહી માટે વાડી પોલીસને સુપ્રત કરાયો છે.

આજે યુવતીનું 164 મુજબ નિવેદન લેવાશે

# વાડી સ્વામીનારાયણ મંદિરના 5 સ્વામીના નિવેદન લેવાયા

**આરોપી** ભૂગર્ભમાં ઉતરી જતા પોલીસ દ્વારા વિવિધ ટીમો બનાવી શોધખોળ

(પ્રતિનિધી) વડોદરા તા.10

સમગ્ર પંથકમાં ચકચાક જગાવનાર વાડી સ્વામીનાયારાયણ મંદિરના પૂર્વ કોઠારી સ્વામી દ્વારા સગીરા પર દુષ્કર્મ કેસમાં પોલીસ આજે યુવતીને 164 મુજબનું નિવેદન લેશે. મંદિરના હાલમાં પાંચ જેટલા સ્વામીના નિવેદન પણલેવામાં આવ્યા છે. આરોપી વિદેશ ભાગી ન જાય માટે લુક આઉટ નોટિસ પણ ઈસ્યુ કરાશે. ઉલ્લેખનીય છે કે દુષ્કર્મ ગુજારનાર સ્વામી ધરપકડથી બચવા માટે ભૂગર્ભમાં ઉતરી ગયો છે.

વડોદરા શહેરના વાડી વિસ્તારમાં આવેલી સ્વામીનારાયણ મંદિરના તત્કાલિન કોઠારી સ્વામીએ સગીરાને ગિફ્ટમાં વોચ આપવાના બહાને મંદિરના રૂમમાં લઈ ગયા બાદ દુષ્કર્મ ગુજાર્યું હતું. જ્યારે હાલમાં સગીરા 23 વર્ષની થઈ ગઈ હોય અન્ય કોઈ સગીરા કે યુવતી સ્વામીનો ભોગ ન બને માટે યુવતીએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. જેની જાણ થતા જગતપવનદાસ સ્વામીને થતા ભૂગર્ભમાં ઉતરી ગયો છે. જેથી પોલીસે આરોપી વિદેશ ભાગી ન જાય માટે લુક આઉટ નોટિસ ઈસ્યુ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ પોલીસ દ્વારા મંદિરના 5 જેટલા સ્વામીઓના નિવેદન પણ લેવામાં આવ્યા છે. વાડી પોલીસ દ્વારા આજે યુવતીને કોર્ટમાં 164 મુજબનું નિવેદન પણ લેવામાં આવશે.

માંડવી વિસ્તારમાં ક્રિકેટ રસિકોએ “મોદી મોદી” ના નારા લગાવ્યા

# ભારતનો પાકિસ્તાન સામે વિજય થતા તિરંગો લહેરાવી ભવ્ય ઉજવણી

**ભારતે** પાકિસ્તાનને પછાડતા વડોદરાના સમર્થકોમાં ઉત્સાહ બેવડાયો

( પ્રતિનિધિ ) વડોદરા તા.10

દેશમાં એક તરફ વડાપ્રધાન મોદીએ ઈતિહાસ રચ્યો છે. સતત ત્રીજી વખત તેઓ પીએમ બન્યા છે. એક તરફ શપથવિધિ યોજાઈ રહી હતી. તો બીજી તરફ ભારત પાકિસ્તાન વચ્ચેની ટી ટ્વેન્ટી વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે ભારતનો વિજય થતા રાત્રે 1:00 વાગે માંડવી વિસ્તારમાં ક્રિકેટ રસિકો ઉમટી પડ્યા હતા. તિરંગો લહેરાવી જીતની અનોખી ઉજવણી કરી હતી.



રવિવારે કેન્દ્રમાં એનડીએની સરકારના પ્રધાનોએ પીએમ મોદીના વડપણ હેઠળ શપથ લીધા હતા. નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત વડાપ્રધાન બન્યા છે. રાષ્ટ્રપતિ ભવનમાં રવિવારે સાંજે નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. એક તરફ શપથ વિધિ ચાલી રહી હતી. બીજી તરફ ભારત અને પાકિસ્તાન વચ્ચે ટી ટ્વેન્ટી વર્લ્ડકપની ક્રિકેટ મેચ યોજાઇ હતી. રવિવારે યોજાયેલા હાઈ વૉલ્ટેજ જંગમાં ભારત ફરી મજબૂત સાબિત થયું હતું. પાકિસ્તાનને 6 રને પરાજય આપ્યો હતો.

સમા-હરણી રીંગ રોડ પર આવેલ આવાસ યોજનાના 462 મકાનોમાં લઘુમતી કોમને આવાસ ફાળવાયો

# મુખ્યમંત્રી આવાસમાં લઘુમતીને મકાન ફાળવતા રોષ

**મોટનાંથ** રેસીડેન્સીમાં હિન્દુ પરિવારને જ મકાન ફાળવવામાં આવે એવી અમારી માંગ

( પ્રતિનિધિ ) વડોદરા તા.10

શહેરના સમાં હરણી રીંગ રોડ પર મુખ્યમંત્રી આવાસ યોજનાનાની મોટનાથ રેસીડેન્સીના ૪૬૨ મકાનોના રેહવાશી આજરોજ એકઠા થાય હતા અને ૪૬૨ મકાનો પૈકી પાચ વર્ષ પેહલા એક મકાન લઘુમતી કોમના પરિવારને ફાળવતા તે પરીવાર આજરોજ મોટનાથ રેસીડેન્સીમાં રહેવા આવીયું હતું જેથી ૪૬૨



પૈકી ૪૬૧ મકાનના સ્થાનિકો એ એકઠા થઈ પાલિકા વિરૂદ્ધ સૂત્રોચાર કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. મુખ્યમંત્રી આવાસ યોજનાના કુલ ૪૬૨ મકાનોમાંથી ૪૬૧ મકાનો હિન્દુ ને ફાળવાયા છે અને માત્ર એક





મકાન મુસ્લિમ પરિવારને ફાળવતા સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકો નું કેહવુ છે કે આ એરિયા અશાંતધારામાં આવેલ છે અને એનો અમલ થવો જોઈએ. અમે કલેકટર, સાંસદ,મામલતદાર ,ગાંધીનગર દરેક જગ્યાએ અમે ફરિયાદ કરી છે છતાં કોઈ ધ્યાન આપતું નથી. અમારો વિરોધ મુસ્લિમ પરિવાર સાથે નથી પરંતુ ૪૬૧ મકાન હિન્દુ ને ફાળવવામાં આવ્યા છે ત્યારે એક મકાન મુસ્લિમ પરિવાર ને કેમ ફાળવવામાં આવ્યું? હિન્દુ રહેણાક વિસ્તારમાં મુસલમાન પરિવારને મકાન ના ફાળવવું જોઈએ. મુસ્લિમ પરિવારને એના એરિયામાં મકાન ફાળવવામાં આવે અને મોટનાંથ રેસીડેન્સીમાં હિન્દુ પરિવારને મકાન ફાળવવામાં આવે એવી અમારી માંગ છે.

બરાનપુરા જીઈબી સબ સ્ટેશનમાં આવતા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો

# 15 મિનિટમાં લાઈટ આવી જશે, રાહ જોતા જોતા કલાકો વીતી ગયા

**લોકોમાં** રોષ, વીજ કચેરી પહોંચી આક્રોશ ઠાલવ્યો

( પ્રતિનિધિ ) વડોદરા તા.10

વડોદરામાં રવિવારથી મેઘરાજાનું આગમન થયું છે. ધમાકેદાર એન્ટ્રી થતાની સાથે જ શહેરના વિવિધ વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. તો બીજી તરફ વીજ કંપનીની બરાનપુરા પેટા વિભાગીય કચેરીમાં સમાવિષ્ટ વિસ્તારોમાં કલાકો સુધી વીજળી ડૂલ રહેતા લોકોએ વીજ કચેરી પહોંચી આક્રોશ ઠાલવ્યો હતો.

## પિતા સિરિયસ હોવાની રજૂઆત કરવા છતાં આખી રાત લાઈટ વગર પસાર કરી

રાત્રે વાવાઝોડાના કારણે મારા ઘરની લાઈટ જતી રહી હતી. ફોન કર્યો પણ તેઓ અન્ય કામમાં વ્યસ્ત હોવાથી ના છૂટકે મારે વીજ કચેરીએ જવું પડ્યું હતું. ત્યાં જઈ મેં રજૂઆત કરી હતી કે , મારા પિતાની તબિયત સીરીયસ છે અને એમનાથી બોલાતું, બેઠાતુ કે ચલાતું નથી અને ખવાતું પણ નથી અંતિમ દિવસો છે. આ વાત કર્યા પછી રાત્રે 12 વાગ્યા અને અંતે સવાર પડી ગઈ. ના છૂટકે મારો ભાઈ પાછો ગયો સવારે 6:30 કલાકે વીજ કચેરીમાં ત્યારે એ લોકો આવ્યા પછી કરીને ગયા. આખી રાત અમારે લાઈટ વગર પસાર કરવી પડી. કામગીરી પાણીગેટ જીઇબીની ખુબ જ સારી છે, પણ જ્યારે આવો કોઈ ગંભીર કેસ હોય એની પર ખાસ ધ્યાન આપવું જોઈએ એવી મારી લાગણી સહ માંગણી છે. - **સાદીકભાઈ કાજલવાળા**